


ખંડ-૩
અંક-૭
જુલાઈ ૨૦૧૭


# કૃષિ ઉત્પાદન અને બજાર દર્શન

કૃષિ ઉદય...


અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## કૃષિ ઉત્પાદન તરફથી કૃષિ બજાર લક્ષી તરફ પ્રયાણ...



કૃષિ બજારના પર્યાવરણમાં અભૂતપૂર્વ ઝડપની સાથે સ્થાનિક અને વૈશ્વિક માર્ગોથી સતત બદલાતું રહે છે. આ પ્રકારના બદલાવ ખેતીની આવક અને ખેતીના ભાવને અસર કરે છે. આપણી સ્વતંત્રતાના ૬૮ વર્ષ પછી પણ ગુણવત્તાયુક્ત, સમયસર અને નીચી કિંમતે સાધનોનું અસરકારક વિતરણ, દેશના મોટા ભાગના ખેડૂતો માટે આજે પણ એક સ્વપ્ન બની રહેલ છે. ખેડૂતો તેમનું ઉત્પાદન પોષણક્ષમ ભાવે વેચાણ માટે સક્ષમ નથી અને દેશના ખેડૂતોમાં ફરજીયાત વેચાણનું વલણ વધારે હોય છે. આજ કારણથી ટેકનોલોજીના સઘન વપરાશથી ઉત્પાદન વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તદ્દનુસાર, ઉત્પાદન વધારાલક્ષી ટેકનોલોજીમાં ફેરફાર કરવા માટે વધારાના અનેક પ્રયાસ કરવામાં આવ્યા છે પણ ખેડૂતોના પેદાશોના વાસ્તવિક ઊંચા ભાવો નોંધપાત્ર

પ્રયત્નો કરવામાં આવ્યા નથી. આ પ્રયાસોએ દાયકાઓ સુધી ખેડૂતોની આવક વધારવા પર કોઈ અસર કરી નથી. જો કે, વૈશ્વિકરણ અને નવી બજાર પદ્ધતિઓના આગમનથી કૃષિ અને કૃષિ પેદાશોમાં દેશના ખેડૂતો માટે નવી તકો ખોલી દીધી છે. આ અભિગમને આપણે નવો વિસ્તરણ અભિગમ કે જેમાં ઉત્પાદકતાથી નફાકારકતા તરફ પ્રયાણ, કૃષિ નિર્વાહ, પાકલક્ષી ખેતી, સ્થાનિક બજારથી નિકાસ સુધી અને બે પાકથી વિવિધ પાક તરફ જવાનો છે.

મોટાભાગના ગ્રામીણ કૃષિ ઉત્પાદકો બજાર અને ભાવ વર્તન અર્થઘટનને સમજવા અને તેનો લાભ મેળવવા માટે અસમર્થ છે. વર્તમાન પરિપેક્ષમાં સૌથી મહત્વપૂર્ણ બજારલક્ષી માહિતી એક ખેડૂત માટે જરૂરી સાધન એ ભાવની છે. બાગાયતી પાક, મસાલા અને અન્ય વ્યાવસાયિક પાક જેવા ઉચ્ચ કિંમતવાળા પાકોના સફળ માર્કેટિંગથી ભાવ મેળવવા અને ગ્રાહકોની પસંદગીઓ અંગેની સારી સમજ હોવી જરૂરી છે. અમુક પાકના ભાવ વધઘટ અને વધુ સારી રીતે માર્કેટિંગની માહિતીની સાથે ખૂબ ચંચળતાપૂર્વક તેનું અવલોકન કરવામાં આવેલ છે. મોટા ભાગના ખેડૂતોમાં હજુ પણ તેમના ઉત્પાદન અને માર્કેટિંગ અંગેના નિર્ણયોના માર્ગદર્શન મેળવવા તથા બજારની સારી સમજ અને બુદ્ધિપૂર્વક વર્તન કરવા માટે ક્ષમતાનો અભાવ જોવા મળે છે.

તેથી હાલના પરીપ્રેક્ષ્યમાં બજારલક્ષી વિસ્તરણસીમા ખેડૂતોને તેના દરવાજેથી સ્થાનિક બજાર સુધી પહોંચવા માટે સંપૂર્ણ છે. બજારના વૈશ્વિકીકરણની સાથે, ખેડૂતો પોતાને માત્ર ઉત્પાદક-વેચનારથી વિશાળ બજાર અર્થમાં ઉત્પાદક-વેચનારમાં પરિવર્તીત થઈ તેમના મૂડીરોકાણ, જોખમો અને પ્રયાસો પર શ્રેષ્ઠ વળતર મેળવવાનો ખ્યાલ વિકસાવવાની જરૂર છે. ઉત્પાદન ટેકનોલોજી ઉપરાંત, વિસ્તરણ કાર્યકરો હવે બજાર માહિતી કે જે વિસ્તરણ માટે વિસ્તરણકર્તાઓને નવી તાલીમ, કુશળતા આપી જરૂરી સજ્જકરવા માટે હોય છે. કૃષિ બજારમાં જોવા મળતી અંતરાલને દૂર કરવા, નિયમિત માસિક બજાર દર્શન અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં એગ્રો-ઇકોનોમિક રિસર્ચ સેન્ટર (AERC), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરથી જુલાઈ-૨૦૧૫ થી નિયમિત પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે. બજાર દર્શન માત્ર એક સામયિક જ નહીં પણ કૃષિ બજારની પ્રક્રિયાઓ અને ખેતી સમુદાયમાં આવેલ નવસંસ્કરણ માટે અસરકારક માહિતીનો સ્ત્રોત બની રહેલ છે. કૃષિ સાધન ભાવ અને બીજ, ખાતરની સબસિડી વગેરે ઉપરાંત, અપેક્ષિત અને વાસ્તવિક ખરીફ કૃષિ અને રવિ સિઝનમાં ઉત્પાદન, લઘુતમ ટેકાના ભાવ (MSP), દૂધ અને ડેરી વગેરેને વર્ષ ૨૦૧૬-૧૭ના બજાર દર્શનમાં આવરી લેવામાં આવેલ. નવી કૃષિ નીતિ અને યોજનાઓ, જમીન આરોગ્ય પત્રક, બજેટમાં કૃષિ, કૃષિ બજાર અને ભાવ આગાહી અંગેના સમાચારોને પણ બજાર દર્શનમાં સમયાંતરે પ્રકાશિત કરવામાં આવ્યા જે ખેડૂત સમુદાય, વેપારીઓ અને સંશોધકો માટે મદદરૂપ બની રહ્યા છે.

## અમે લક્ષ્ય રાખ્યું છે કે...

- પ્રાદેશિક જોડાણને મજબૂત બનાવી કૃષિ માહિતીની વહેંચણી કરી તેનો ઉપયોગ વધુ સારી રીતે નિર્ણય લેવામાં કરવી.
- સારૂ ઉત્પાદન મેળવવા અને બજારની સાંકળમાં સંકળાયેલી તમામ એજન્સીઓને અદ્યતન અને નિષ્ણાંતોની બૌધ્ધિક શકિતઓને પહોંચાડવી.
- ખેડૂતોએ મેળવેલ વધુ ચોખ્ખી આવકની અને જીવન ધોરણમાં આવેલ સુધારાની ખાત્રી કરાવવામાં મદદરૂપ થવું.

## લઘુત્તમ ટેકાના ભાવ (MSP)

ખેડૂતોને પોષણક્ષમ અને સ્થિર ભાવો મળવાની ખાત્રી એ કૃષિ ઉત્પાદન અને ઉપજ વધારવા માટે ખૂબ મહત્વનું પરિબળ છે. કૃષિ પેદાશોની બજાર કિંમતો ઘણી વખત અસ્થિર અને અનિયમિત હોય છે, જેના પરિણામે ખેડૂતોને આકસ્મિક નુકસાન થાય છે અને તેના પરિણામે તે આધુનિક તકનીક અને જરૂરી કૃષિ નિક્ષેપોનો ઉપયોગ કરવામાં નીરસ બને છે.

કૃષિ પેદાશો માટેની સરકારની ટેકાના ભાવની નીતિ, કૃષિ ક્ષેત્રે ઉંચુ રોકાણ અને ઉત્પાદનમાં વધારો કરવા, ખેડૂતોને પ્રોત્સાહન આપવા, ઓછી અને વ્યાજબી કિંમતે ગ્રાહકોને જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો ઉપલબ્ધ કરાવીને ગ્રાહકોના હિતનું રક્ષણ, ખેડૂતોને લાભદાયી ભાવો મળી રહે વગેરે જોવાનું કામ સરકારનું છે. ભાવની નીતિ અર્થતંત્રની એકંદર જરૂરિયાતોના પરિપ્રેક્ષ્યમાં સમતોલ અને સમગ્રલક્ષી

કિંમતના માળખાને વિકસાવવાનો છે.

હાલમાં, કૃષિ ખર્ચ અને કિંમતો માટેનું કમિશન (CACP) ૨૩ કૃષિ પેદાશોના ટેકાના ભાવની (MSP) ભલામણ સરકારને કરે છે, જેમાં ૭ ધાન્ય (ડાંગર, ઘઉં, મકાઈ, જુવાર, બાજરી, જવ અને રાગી), ૫ કઠોળ (ચણા, તુવેર, મગ, અડદ, મસૂર), ૭ તેલીબિંયા (મગફળી, રાયડો, સોયાબીન, તલ, સૂરજમુખી, કસુંબી, નાગરબીજ) અને ૪ રોકડીયા પાકો (કોપરા, શેરડી, કપાસ અને શણ) નો સમાવેશ થાય છે.

**ટેકાના ભાવના નિર્ણાયક પરિબળો**

કમિશન વર્ષ-૨૦૦૯માં તેને આપવામાં આવેલી સંદર્ભ શરતોને ધ્યાનમાં રાખીને નીચેની બાબતોનું વિશ્લેષણ કરે છે,

(૧) માંગ અને પુરવઠો

(૨) ઉત્પાદન ખર્ચ

(૩) સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજાર ભાવના વલણો


(૪) આંતર-પાક કિંમત આંક

(૫) કૃષિ અને બિન કૃષિ પેદાશો વચ્ચે વેપારની શરતો અને

(૬) કૃષિ પેદાશોના ટેકાના ભાવોની ગ્રાહકો પર સંભવિત અસરો.

ઉત્પાદન ખર્ચ કે જે ટેકાના ભાવ નક્કી કરવામાં એક મહત્વનું પરિબળ છે, પરંતુ આ એકમાત્ર પરિબળ લઘુત્તમ ટેકાના ભાવ નિર્ધારિત કરતું નથી.

CACP દર વર્ષે પાંચ કૃષિ પેદાશો જૂથ જેમ કે ખરીફ પાક, રવિ પાક, શેરડી, શણ અને કોપરાના ભાવનીતિ અહેવાલ ભલામણ સ્વરૂપે સરકારને સુપરત કરે છે. ઉપરોક્ત ભાવનીતિ અહેવાલ તૈયાર કરતાં પહેલાં કમિશન એક વ્યાપક પ્રશ્નાવલિ તૈયાર કરે છે અને તે તમામ રાજ્ય સરકારો અને સંબંધિત રાષ્ટ્રીય સંગઠનો અને મંત્રાલયોને તેમના મંતવ્યો માટે મોકલી આપે છે. ત્યારબાદ વિવિધ રાજ્યના ખેડૂતો, રાજ્ય સરકારો, ભારતીય ખાદ્ય નિગમ (FCI), નાફેડ, ભારતીય કપાસ નિગમ (CCI), ભારતીય શણ નિગમ (JCI), વેપારી સંગઠનો, પ્રોસેસિંગ સંગઠનો અને મુખ્ય કેન્દ્રિય મંત્રાલયો સાથે અલગ અલગ બેઠકો યોજવામાં આવે છે. આ ઉપરાંત કમિશન વિવિધ પાસાંઓ જેમ કે ખેડૂતો તેમના પાકનું બજારમાં વેચાણ અથવા તેમના પાકની ઉપજ વગેરે માહિતીનો રૂબરૂ મુલાકાત લઈને અંદાજ મેળવે છે. આ તમામ પાસાંઓને આધારે કમિશન તેની ભલામણ/અહેવાલ તૈયાર કરીને સરકારને આપે છે. સરકાર જરૂરી સૂચનો અને માર્ગદર્શન માટે રાજ્ય સરકારો અને સંબંધિત કેન્દ્રીય મંત્રાલયને આ અહેવાલ મોકલે છે. જરૂરી સૂચનો અને માર્ગદર્શન મેળવ્યા પછી કેન્દ્ર સરકારની આર્થિક બાબતો અંગેની કેબિનેટ કમિટી (CCEA) દ્વારા ટેકાના ભાવ અને અન્ય ભલામણોને આધારે અંતિમ નિર્ણય કરવામાં આવે છે. ત્યાર બાદ CACP આ તમામ અહેવાલને વેબ સાઇટ પર મૂકે છે.



## રાષ્ટ્રીય કૃષિ બજાર (NAM)

રાષ્ટ્રીય કૃષિ બજાર (NAM) એક ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પોર્ટલ છે કે જે હાલ દરેક ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં (APMC) કૃષિ પેદાશના વેચાણ માટે એકીકૃત રાષ્ટ્રીય બજાર બનાવવા માટેનું નેટવર્ક છે.

આ પોર્ટલ તમામ બજાર સમિતિઓની બજાર સંબંધિત માહિતી અને સેવાઓ એક જ વેબ-પોર્ટલ પરથી ખેડૂતોને પૂરી પાડશે. તેમાં કૃષિ ઉત્પાદનનો વેચાણલાયક જથ્થો અને ખરીદ-વેચાણની કિંમત, વેપારની અન્ય સેવાઓનો સમાવેશ થાય છે. જ્યારે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા કૃષિ પેદાશોનું વેચાણ ચાલું થાય છે, ત્યારે તે ઓનલાઇન બજારમાં ખર્ચ અને માહિતીની વિસંગતતા ઘટાડે છે.

રાજ્યમાં કૃષિ-બજાર એ કૃષિ બજાર નિયમન મુજબ સંચાલન કરવામાં આવે છે, જેના હેઠળ રાજ્ય અનેક બજારક્ષેત્રમાં વહેંચાયેલું છે, જેમાંનું દરેક ક્ષેત્ર એક અલગ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા સંચાલિત થાય છે કે જે પોતાના બજાર નિયમો (માર્કેટ ફી સહિત) લાગુ પાડે છે. એક રાજ્યની અંદર આ પ્રકારના બજાર વિભાજનથી, કૃષિ પેદાશોના મુક્ત બજાર પરિવહનમાં અવરોધ સર્જાય છે. રાજ્યની અંદર પણ બજારના આ વિભાજનથી, કૃષિ પેદાશોના પરિવહનમાં અવરોધ ઉભો થાય છે અને રાજ્યની તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં મજૂરી દરો અને બજાર ફી ના જુદા જુદા માપદંડોને લીધે ખેડૂતોને બજારનો લાભ મળતો નથી અને ગ્રાહકોએ ઉંચી કિંમત ચૂકવવી પડે છે.

રાષ્ટ્રીય કૃષિ બજાર (NAM) એ રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે ઓનલાઇન ટ્રેડિંગ પ્લેટફોર્મ દ્વારા બજારને સંકલિત કરીને આ મુશ્કેલીઓને દૂર કરે છે. સંકલિત બજાર વેપાર પ્રક્રિયાની સમાનતા, ખેડૂતો અને વેપારીઓ વચ્ચે માહિતીના અભાવને દૂર કરે છે, બજારમાં માંગ-પુરવઠા પર આધારિત કિંમત નક્કી થાય છે, વેચાણની પ્રક્રિયા પારદર્શક બને છે અને ખેડૂતોને વેચાણ માટે રાષ્ટ્રીય બજાર, પોષણક્ષમ ભાવો અને ઓનલાઈન ચુકવણી અને ગ્રાહકને વાજબી ભાવે ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓ ઉપલબ્ધ બને છે.

રાષ્ટ્રીય કૃષિ બજાર (NAM) એ પુરવઠા સાંકળમાં તમામ એજન્સીઓ માટે લાભની સ્થિતિ છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (મંડી)**

- નોંધણી અને રેકોર્ડ રાખવાના ભારણમાં ઘટાડો (જેમ કે દૈનિક ન્યૂનતમ, મહત્તમ અને મોડલ બજાર કિંમત અને ખેત પેદાશોની આવક અંગે અગાઉ અહેવાલ તૈયાર કરવામાં આવતા હતા) જે હવે સ્વયંમ્ સર્જિત બને છે.
- વેપારીઓ અને કમિશન એજન્ટ્સ પર દેખરેખ અને નિયમન.
- સંપૂર્ણ રીતે પારદર્શક પદ્ધતિ કે જે ટેન્ડરિંગ/હરાજી પ્રક્રિયામાં ઈરાદાપૂર્વક/બિન-ઈરાદાપૂર્વકના ગોટાળાને દૂર કરે છે.
- બજારમાં થતા તમામ વ્યવહારોના હિસાબથી માર્કેટ ફી એકત્રીકરણમાં વધારો.
- ઓનલાઇન સિસ્ટમ દ્વારા ટેન્ડરિંગ/હરાજીની પ્રક્રિયા થવાથી માનવશ્રમની જરૂરિયાતમાં ઘટાડો થાય છે.
- પુરવઠા અને ભાવોનું વિશ્લેષણ અને અનુમાન.
- વેબસાઇટ પર દરેક બજાર સમિતિની તમામ માહિતી.

**ખેડૂતો:**

- રાષ્ટ્રીય કૃષિ બજાર (NAM) ઉત્પાદનના વેચાણ અને તંદુરસ્ત યોગ્ય વળતર માટે વધુ વિકલ્પ આપે છે.

**વેપારીઓ:**

- રાષ્ટ્રીય કૃષિ બજાર રાષ્ટ્રીય કક્ષાએ પુનઃ વેપારનું વિશાળ બજાર પૂરું પાડે છે.

**ખરીદનારા, પ્રોસેસ કરનારા અને નિકાસકારો:**

- રાષ્ટ્રીય કૃષિ બજાર, સ્થાનિક બજારમાં સીધા સહભાગીદાર બનાવી દલાલી ખર્ચમાં ઘટાડો કરે છે.



## ખેત ઉત્પાદન બજાર સમિતિ (APMC)




કૃષિ બજાર, એ કૃષિ ક્ષેત્રમાં સંકળાયેલા ખેડૂતોને આવક આપનારું એમ કૃષિ ઉત્પાદન વચ્ચે એક મહત્વની કડીરૂપ કૃષિ બજાર છે. કૃષિ બજાર જે એક માત્ર સાંકળ છે જે કૃષિ પેદાશોને ગ્રાહકોને પહોંચાડી કિંમતરૂપી આવક ખેડૂતોને પહોંચાડવાની કામગીરી દૂર કરે છે.

ચીજવસ્તુ અંતિમ ગ્રાહક સુધી પહોંચતા પહેલાં બજારમાં જુદા જુદા તબક્કામાંથી પસાર થતી હોય છે. કૃષિ પેદાશોનું વેચાણ, તેની માંગ, સંગ્રહ વ્યવસ્થા જેવા કેટલાંક પરિબળો પર આધારિત છે. બજારમાં કૃષિ પેદાશોનું સીધું વેચાણ અથવા સંગ્રહ થાય છે. સ્થાનિક વિસ્તારમાં ઉત્પાદિત વસ્તુનું વેચાણ અથવા તેનું વર્ગીકરણ થાય છે. ક્યારેક ગ્રાહકોની માંગ અને ગુણવત્તા જાળવી રાખવા મૂલ્યવૃદ્ધિ કરવામાં આવે છે. બજારનું કામ માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન કરવાનું છે.

દેશના મોટાભાગના ખેડૂતો તેના ખેત પેદાશનું વેચાણ ખાનગી ક્ષેત્રના શાહુકારો (ખેડૂત જેના દેવાદાર હશે) અથવા સ્થાનિક વેપારીઓને કરે છે. ખેત પેદાશ ગામના સ્થાનિક નજીક બજારમાં, ગામના સાપ્તાહિક બજારમાં વેચાણ કરે છે. જો નજીકમાં આવા બજાર ન હોય તો તેઓને ગામની નજીકની મંડીઓ કે ટાઉન બજારમાં વેચવાની ફરજ પડે છે.

ભારતમાં કૃષિ બજાર સાથે સંકાયેલી કેન્દ્ર સરકારની અનેક સંસ્થાઓ છે, જેવી કે, કૃષિ ખર્ચ અને કિંમત માટેનું કમિશન (CACP), ભારતીય ખાદ્ય નિગમ (FCI), ભારતીય કપાસ નિગમ (CCI), ભારતીય શણ નિગમ (JCI) વગેરે છે. રબર, ચા, કોફી, તમાકુ, મસાલા અને શાકભાજી માટે ખાસ અલગ બજાર વ્યવસ્થા ગોઠવાયેલ છે.

બજાર નિયમન એ રાજ્ય સરકારનું કાર્ય છે, તેમ છતાં બજાર અને નિરીક્ષણ નિયામકની કચેરી કોમોડિટી ગ્રેડીંગ કેન્દ્રો સ્થાપવા અને સહયોગ કરવા માટે ગ્રામ્ય સ્તરે બજાર અને નિરીક્ષણ સેવાઓ માટે નાણાંકીય સહાય પૂરી પાડે છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડેલ કૃષિ ઉત્પાદન બજાર સમિતિ અધિનિયમ હેઠળ ચોક્કસ સૂચિત કૃષિ અથવા બાગાયતી અથવા પશુધન ઉત્પાદનોમાં વેપાર સંબંધી રાજ્ય સરકાર દ્વારા રચાયેલી વૈધાનિક બજાર સમિતિ છે.

APMC નો હેતુ આ માટે જવાબદાર છે:

- ભાવ પદ્ધતિમાં પારદર્શિતા અને બજારમાં થતાં વ્યવહારોની ખાતરી;
- ખેડૂતોને બજાર આધારિત વિસ્તરણ સેવાઓ પૂરી પાડવા માટે;
- એ જ દિવસે ખેડૂતો દ્વારા વેચવામાં આવતા કૃષિ પેદાશો માટે ચુકવણીની ખાતરી;
- કૃષિ પેદાશોને પ્રોત્સાહન આપવું;
- વેચાણ માટે બજારના ક્ષેત્રમાં લાવવામાં આવેલી કૃષિ પેદાશોની આવક અને દર અંગે માહિતી જાહેર કરવી; અને
- કૃષિ બજારોના સંચાલનમાં જાહેર ખાનગી ભાગીદારીનું સંચાલન અને પ્રોત્સાહન

ભારતમાં કૃષિ ઉત્પાદન બજાર સમિતિ અધિનિયમ દ્વારા લગભગ ૨૪૭૭ મુખ્ય નિયંત્રિત બજારો છે અને ૪૮૪૩ નિયંત્રિત પેટા-બજારો સ્થાપવામાં આવેલ છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ઉપલબ્ધ સામાન્ય સવલતો આ પ્રમાણે છે: હરાજી હોલ, વજનકાંટો, ગોડાઉન, વેપારીઓ માટે દુકાન, કેન્ટીન્સ, રસ્તા, લાઈટ, પીવાનું પાણી, પોલીસ સ્ટેશન,પોસ્ટ-ઓફિસ, બોર-કુવા, વેરહાઉસ, ખેડૂત સુવિધા સેન્ટર, ટાંકી, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જમીન ચકાસણી પ્રયોગશાળા, ટોઈલેટ બ્લોક્સ વગેરે.

### કૃષિ બજારનું મહત્વ

ખેડૂત કૃષિ પેદાશનો ફરજીયાત વેચાણકર્તા છે. તેમની પાસે સંગ્રહ કરવાની સુવિધા ન હોવાથી તેઓ કાપણી પછી વચેટિયાઓને નીચા ભાવે ફરજીયાત વેચાણ કરે છે જે તેના ખર્ચને પણ પહોંચી વળતું નથી. દેશના કૃષિ બજારમાં સંગ્રહ

સુવિધા, વાહનવ્યવહાર સુવિધા, સંગઠિત અને નિયંત્રિત બજાર, કિંમત અને બજારની માહિતીનો અભાવ જેવા પરિબળોને લીધે બજાર વ્યવસ્થા નિષ્ફળ જાય છે અને ખેડૂતોને પોષણક્ષમ કિંમત મળતી નથી.


કાર્યક્ષમ બજાર વ્યવસ્થા ખેડૂતને પ્રાપ્ત થતી કિંમત અને ગ્રાહક દ્વારા ચૂકવવામાં આવતી કિંમત વચ્ચેનો તફાવત ઘટાડી ખેડૂતની આવકમાં વધારો કરે છે. ખેડૂત અને ગ્રાહક વચ્ચે સીધું વેચાણથી ખેડૂતને વધુ વળતર અને ગ્રાહકને લાભ થાય છે.

## કેટલીક ઉભરતી વૈકલ્પિક બજાર વ્યવસ્થા

**આધુનિક ટર્મિનલ બજાર (TMC):** રાષ્ટ્રીય બાગાયત મિશન (NHM) હેઠળ નવા બજારની કલ્પના કરવામાં આવી છે અને જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા હબ (મેઇન માર્કેટ) અને સ્પોક્સ (કલેક્શન સેન્ટર્સ) મોડલની સ્થાપના કરીને પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) અંર્તગત અમલ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. TMCમાં કુલ શેર ભંડોળના ૨૬ ટકા સુધી ઉત્પાદકોના સંગઠન દ્વારા શેર ભાગીદારીની જોગવાઈ છે. આ યોજના સુધારા સાથે જોડાયેલ છે અને તે રાજ્યોમાં અમલ કરવામાં આવશે જેમણે પોતાના APMC એક્ટમાં સુધારા કર્યા છે. પટણા (બિહાર) અને પેરૂન્દુરાઈ અને ચેન્નઈ (તમિળનાડુ) ખાતે રાષ્ટ્રીય બાગાયત મિશન હેઠળ આ યોજના મંજૂર કરવામાં આવી છે. મદુરાઈ (તમિળનાડુ), નાગપુર, બાબનગાંવ (મુંબઈ) અને સંબલપુર (ઓડિશા)માં TMC પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. જો કે, હજી સુધી કોઈ પણ ટર્મિનલ માર્કેટની સ્થાપના કરવામાં આવી નથી. TMC ઉત્પાદકો પાસેથી સીધી ખરીદી કરશે, જેથી તેમને પોષણક્ષમ કિંમત અને ગ્રાહકોને વ્યાજબી કિંમતે ઉપલબ્ધ બનશે. ખાનગી ક્ષેત્ર આ બજારોના વિકાસ માટે રોકાણ અને સંચાલન કુશળતા લાવી શકે છે.

**કરાર આધારિત ખેતી:** કરાર આધારિત ખેતી, જે ઉત્પાદક અને ગ્રાહક બંનેને લાભ આપે છે. વેપારી દ્વારા કરાર અંર્તગત ગુણવત્તાયુક્ત પેદાશની નિશ્ચિત ખરીદીની ખાત્રી અને ખેડૂતોને લાભદાયી બજારની સુવિધા પુરી પાડવી તેને કરાર આધારિત ખેતી કહેવામાં આવે છે. કરાર આધારિત ખેતીમાં વેપારી કૃષિ પેદાશોની ગુણવત્તા અને માપદંડના ધોરણો માટે વિસ્તરણ સહાય સહિત ખેડૂતને કૃષિ નિક્ષેપો અને તકનિકી મદદ પણ આપી શકે છે. આ માળખું APMC અધિનિયમ ૨૦૦૩ અંર્તગત પ્રાયોજીત કંપનીઓની નોંધણી, કરાર નોંધણી, ખેડૂતોની જમીન સુરક્ષિત કરવા માટે ક્ષતિપૂર્તિ અને સમયબદ્ધ વિવાદના ઠરાવની પદ્ધતિનો સમાવેશ કરે છે. દેશના વિવિધ ભાગોમાં શેરડી, કપાસ, ચા અને કોફી જેવા વેપારી પાક માટે કરાર આધારિત ખેતી પ્રચલિત છે. તાજેતરમાં ખેડૂતો પાસેથી સીધી ખરીદીમાં કેટલીક ખાનગી ક્ષેત્રે પહેલ કરી છે, જેમ કે મેસર્સ પેપ્સી ફુડ્સ પ્રા. લિ., ટાટા રેલીઝ, મહિન્દ્રા શુભ-લાભ, કારગિલ ઈન્ડિયા વગેરે. આ કંપનીઓ ખેડૂતો સાથે ભાગીદારી કરી રહી છે અને તે કૃષિ નિક્ષેપો, સંશોધન અને વિસ્તરણ સેવા, ધિરાણ, પ્રક્રિયા અને બજારને લગતી સેવાઓ પૂરી પાડે છે. કરારમાં કચરાનો નિકાલ, ઉપજ અને ખેડૂતની આવકમાં વૃદ્ધિ જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

**આઇટીસી ઈ-ચૌપાલ:**




આઇટીસી ઈ-ચૌપાલ મોડેલને ITC કંપની દ્વારા શરૂ કરવામાં આવેલ છે અને તે નાના અને નબળાં ખેડૂતો, નબળી માળખાકીય સુવિધા, મધ્યસ્થીઓની વધુ પડતી દખલગીરી અને માહિતીનો અભાવ જેવી મુશ્કેલીઓને દૂર કરે છે. ખેડૂતોને ભાવ, ભાવની ઉપલબ્ધતા, હવામાન અને અન્ય સંબંધિત બાબતોની સમયસર માહિતી પૂરી પાડવા માટે ગ્રામ્ય કક્ષાએ નાના ઈન્ટરનેટ કિઓસ્કની સ્થાપના કરવામાં આવી છે. સ્થાનિક સ્તરે ખેડૂતો તેને સંચાલક કિઓસ્ક કહે છે જે ઑનલાઇન વિસ્તરણ સેવાઓ પણ પૂરી પાડે છે. એવો અંદાજ છે કે પુરવઠા બજારમાં ITCના હસ્તક્ષેપને લીધે ખેડૂતોની આવકમાં ૧૦-૧૫ % નો વધારો થયો છે. વધુમાં, ITC તેની ખરીદીમાં વધારો કરીને ખર્ચમાં ૩-૪ % બચત કરી છે. ITC ઈ-ચૌપાલ્સે મધ્યપ્રદેશમાં સોયાબીન માર્કેટમાં મોટી અસર કરી હતી અને આ પ્રકારના

બજારને પ્રોત્સાહન આપવાની જરૂર છે કે જે માહિતીમાં એકસમાનતા અને શ્રેષ્ઠ ઉકેલો પૂરા પાડે છે.

## કેન્દ્ર સરકાર કૃષિ ક્ષેત્રને અગ્રતા આપી રહી છે

કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ સેવાને પ્રોત્સાહન આપતી વખતે સરકારે કૃષિ ઉત્પાદન, ઉપજમાં વધારો અને ડેરી/પશુધન/મત્સ્યોદ્યોગનો વિકાસ કરવાનો ધ્યેય નક્કી કર્યો છે.

કૃષિ મંત્રાલયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવકને બમણી કરવાના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે રાજ્ય સરકારોને પત્ર લખીને વ્યૂહરચના પ્રમાણે કામ કરવા માટે વિનંતી કરી છે. સરકારે ખેડૂતોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ શરૂ કરી છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, જમીન આરોગ્ય પત્રક, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, ઈ-નામ, કૃષિ જંગલ (ખેતરના કિનારે વૃક્ષો) અને નીમયુક્ત યુરિયા ખાતરનો સમાવેશ થાય છે. દૂધનું ઉત્પાદન વધારવા માટે રાષ્ટ્રીય ડેરી મિશનની શરૂઆત કરવામાં આવી છે. બ્લુ ક્રાંતિ માટે અંતર્દેશીય અને દરિયાઇ માછીમારી પર ભાર મૂકેલ છે. આ બધી યોજનાઓ કૃષિ ઉત્પાદકતા વધારવા અને ખેડૂતોની આવકમાં વધારો કરવાનું લક્ષ્ય રાખે છે.


કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે કૃષિ ક્ષેત્રના કલ્યાણ માટે તેની બધી યોજનાઓને ખાસ મિશન, યોજનાઓ અને કાર્યક્રમોમાં રૂપાંતરિત કરી છે. ત્રીજા અગ્રીમ અંદાજ મુજબ ૨૭૩.૩૮ મિલિયન ટન અનાજ ઉત્પાદનનો અંદાજ છે, કે જે વર્ષ ૨૦૧૫-૧૬ની સરખામણીએ ૮.૬૭ ટકા વધારે છે.

કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા શરૂ કરાયેલી યોજનાઓનો લાભ ખેડૂતોને મળેલ છે. આ યોજનાઓમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન (NFSM), રાષ્ટ્રીય બાગાયત મિશન (NHM), રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY) અને લાભનું સીધું હસ્તાંતરણ (DBT) સામેલ છે.

કૃષિ મંત્રાલયની યોજનાઓ પૈકી સૌથી મહત્વની રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન (NFSM) ચોખા, ઘઉં, કઠોળ, અનાજ અને અન્ય મુખ્ય પાકોનો સમાવેશ કરે છે. વર્તમાન સરકાર સત્તામાં આવી તે પહેલાં ૧૯ રાજ્યોના ૪૮૨ જિલ્લાઓમાં NFSM અમલી છે. જ્યારે એનડીએ સરકાર સત્તા પર આવી ત્યારે, આ યોજના ૨૯ રાજ્યોના ૬૩૮ જિલ્લાઓમાં અમલી બનાવી છે. તે ઉપરાંત, ૨.૭૦ લાખ હેક્ટર વિસ્તાર સજીવ ખેતી હેઠળ લાવવામાં આવશે. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોની એકંદર વૃદ્ધિની જોતાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાનો ઉદ્દેશ્ય વાર્ષિક વૃદ્ધિ પ્રાપ્ત કરવાનો અને ૧૨મી યોજના દરમ્યાન તેને જાળવી રાખવાનો છે.

મંત્રાલય તેલીબિંયા, ફળો, શાકભાજી અને બાગાયત પાકોનું ઉત્પાદન અને ઉપજ વધારવા માટે પ્રયત્નશીલ છે. સરકાર બીજની ગુણવત્તા અને ઉપલબ્ધતા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. રાષ્ટ્રીય બીજ મિશન યોજના હેઠળ બીજ પ્રક્રિયા, બિયારણ સંગ્રહ, બિયારણની ગુણવત્તામાં સુધારો અને કટોકટી માટે બિયારણનો જથ્થો ઉભો કરશે.

મુખ્ય કૃષિ પેદાશોના લઘુત્તમ ટેકાના ભાવની જાહેરાત કરીને સરકાર ખેડૂતોના હિતનું રક્ષણ કરવાનો પ્રયાસ કરે છે. લઘુત્તમ ટેકાના ભાવ દ્વારા અર્થતંત્રની એકંદર જરૂરિયાતોને પહોંચી વળવા માટે એક સમતોલ અને સંકલિત માળખું બનાવવાનું નીતિ ઘડવાની છે. ભાવને ટેકો આપવા માટે, એફસીઆઇ, સીસીઆઇ, જેસીઆઈ, નાફેડ, એસએફએસી જેવી કેન્દ્રીય નોડલ એજન્સીઓએ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ટેકાના ભાવથી નીચે બજાર ભાવ ન જાય તે માટે ખરીદીની પ્રક્રિયા કરે છે. જો બજાર કિંમત લઘુતમ ટેકાના ભાવથી નીચે આવે છે, તો સરકારી એજન્સીઓ બજાર હસ્તક્ષેપ યોજના (MIS) હેઠળ હસ્તક્ષેપ કરે છે અને ખેડૂતો પાસેથી ટેકાના ભાવથી જથ્થાની ખરીદી કરે છે. ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ના સમયગાળા દરમિયાન, ભારત સરકારે ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તેલંગણા, તમિલનાડુ, અરૂણાચલ પ્રદેશ, હિમાચલપ્રદેશ, મિઝોરમ અને નાગાલેન્ડમાં ખેડૂતો પાસેથી મરચાં, સફરજન, આદુ, બટાટા, ઓઈલ પામ, દ્રાક્ષ, ડુંગળી, સોપારીની ખરીદી કરી હતી. ભાવમાં તીવ્ર વધારો અથવા ઘટાડો ગ્રાહકોને અને ખેડૂતોને પણ નુકસાન કરે છે. કૃષિ પેદાશોના ભાવમાં અસંતુલન ઘટાડવા માટે કૃષિ પેદાશો માટે રૂ.૫૦૦ કરોડ ભાવ સ્થિરતા ફંડની જાહેરાત કરવામાં આવી હતી, જે હવે વધારીને રૂ.૧૫૦૦ કરોડ કરવામાં આવેલ છે. કઠોળના વધતાં જતાં ભાવને નિયંત્રિત કરવા માટે ૪૦,૦૦૦ મેટ્રિક ટનની કઠોળ રાજ્યોને તેમના હિતને ધ્યાનમાં રાખીને પૂરો પાડવામાં આવેલ છે, અને આ દરમિયાન સરકાર ૨૦ લાખ મેટ્રિક ટન દાળનો બફર સ્ટોક બનાવી રહી




છે અને ૨૦,૦૦૦મેટ્રિક ટન ડુંગળીની ખરીદી બફર સ્ટોક માટે કરી રહી છે.

ખેડૂતોને પાક વીમા યોજનાનો લાભ મળી રહે તે માટે, અગાઉની વીમા યોજનામાં સુધારા કર્યા પછી સરકારે ૨૦૧૬માં ખરીફ સિઝનથી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના શરૂ કરી છે. આ વીમાનો ખ્યાલ વિશાળ છે તે વાવેતર પહેલાં અને પછીના નુકસાનને આવરી લે છે. જમીન આરોગ્યની ચકાસણી માટે સરકારે જમીન આરોગ્ય પત્રક યોજના શરૂ કરી છે. સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા માટે, પરંપરાગત કૃષિ વિકાસ યોજના શરૂ કરવામાં આવી છે. ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે સરકાર જંગલ અને મધમાખી ઉછેર પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

Book Post

To,

DOI : June- 30, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864